ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૧૧-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

મૂઠી ઊંચેરા મનમોહનની વેદના

વડાપ્રધાન મનમોહનસિંહે છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણી પ્રસંગે રાયપુરમાં કરેલ પ્રચારસભાનું ભાષણ ઘણું જ અર્થસભર છે. એક રાષ્ટ્રીય નેતા તરીકે એક એક શબ્દ એમણે પૂરી ગંભીરતા પૂર્વક ઉચ્ચાર્યો છે. તેઓ સમજે છે કે હાલ કૉંગ્રેસ ઘણી જ પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે. પોતે હવે ગણતરીના દિવસો પૂરતા જ સાઉથ બ્લોકના મહેમાન છે. પરંતુ દસ વર્ષ દરમિયાન અપેક્ષા મુજબ કામગીરી નથી થઈ શકી એનો વસવસો એ વ્યકત નથી કરી શકતા કારણ કે એવી સ્પષ્ટ કબૂલાતથી કદાચ કૉંગ્રેસના સંભવિત રકાસને વેગ મળવાની સંભાવના છે. વળી રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચારનો દોર સંપૂર્ણપણે સંભાળી લીધો છે ત્યારે આ વૃદ્ધ સરદારજી પોતાના પર એવો દોષનો ટોપલો આવી પડે એવું ન જ ઈચ્છે. શક્ય ત્યાં સુધી પાર્ટીને મદદરૂપ થવાની એમની નેમ છે, જો પાર્ટી કેન્દ્રમાં સરકાર બનાવવાની હેટ્રિક લગાવી શકશે તો એમાં મનમોહનના સાલસ અને નિખાલસ નેતૃત્વનો નોંધપાત્ર ફાળો ગણાશે. ગઠબંધનના રાજકારણમાં પોતે સાથી પક્ષોના તોફાની વછેરાઓને નાથ ન ઘાલી શક્યા અને વિવિધ કૌભાડો થયાં તે એમની કારકિર્દીને ધૂંધળી બનાવતી બાબત છે. પોતે જે પાર્ટીના પ્રતિનિધિ છે તેવી કૉંગ્રેસ પર પણ એમનો કોઈ કાબૂ ક્યાં હતો? છેલ્લે રાહુલ ગાંધીએ એમને નામોશીભરી સ્થિતિમાં મૂકી દીધા ત્યારે પણ એમણે ભારે સંયમનો પરિચય આપ્યો હતો. કેબિનેટના વટહુકમને ફાડીને ફેંકી દેવાની વાત કોઈ અન્ય નેતાએ કરી હોત તો વડાપ્રધાને એને પ્રતિષ્ઠાનો પ્રશ્ન જ બનાવ્યો હોત. એવો વિદ્રોહી સૂર કાઢનારા નેતાને રાતોરાત દરવાજો બતાવી દેવાયો હોત. રાહુલ ગાંધી તો હવે કૉંગ્રેસની એકમાત્ર આશા છે. જે રીતે નરેન્દ્ર મોદીએ એમની રાજકીય તાકાતનું નિદર્શન કરી પોતાની જાતને પ્રસ્થાપિત કરવી પડી છે એવો કોઈ પરિશ્રમ રાહુલ ગાંધીને કરવો પડયો નથી, કારણ કે એ નહેરુ-ઇંદિરાના સીધા લીટીના વારસ હોઈ કૉંગ્રેસને એમની ગરજ છે. મનમોહનસિંહને એક વિશ્વકક્ષાના તજજ્ઞ તરીકે કૉંગ્રેસે સ્વીકાર્યા હતા, પરંતુ તેઓ એક સ્ટેપિંગ સ્ટોન અથવા વચગાળાની વ્યવસ્થા જેવા હતા. એમની પહેલી ઈનિંગ બહુ જ વખણાઈ, તેથી પ્રજાએ એમને ફેરવારકી તક આપી અને કૉંગ્રેસે એમના નેતૃત્વને ફરી એકવાર સરાણે ચડાવી જોયું. બીજા સત્રમાં એમને ઘણી તકલીફ પડી છે, છતાં પ્રજાએ એમના પ્રત્યેની શ્રદ્ધા છોડી છે એમ કહેવું વધારે પડતું ગણાશે. મોદી અને મનમોહનસિંહની સરખામણી થઈ જ ન શકે તેવી ગરિમા, જ્ઞાન અને પ્રામાણિકતા આ સરદારજીમાં દસ વર્ષ સર્વોચ્ચ સ્થાને રહ્યા પછી આજે પણ અકબંધ રહી છે. સામાન્ય પ્રજાને છેતરવામાં કુશળ રાજકારણીઓ જેવી ચમત્કારિક વાક્છટા, માયાવી વ્યક્તિત્વ કે જુઠ્ઠાણાં ચલાવી તાળીઓ પડાવવાની કળા એમને આવડતી નથી. એમને પ્રજાના પ્રતિનિધિ તરીકે છેક છેવાડે બેઠેલા માનવીની ફિકર છે. એક તરફ વિશ્વનેતા તરીકે એમને અમેરિકાના ઓબામા અને રશિયાના પુતિન બિરદાવે છે ત્યારે ઘર આંગણે ભાજપ જેવા વિપક્ષને એ બધી રીતે નબળા અને નકામા લાગે છે. એ સાચું કે મનમોહન પાસે રાષ્ટ્રીય નેતાને છાજે એવું પંડિત જવાહરલાલ નહેરુ કે અટલ બિહારી વાજપેયી જેવું ગુંબકીય વ્યક્તિત્વ નથી, પરંતુ એમની આવડત અને નિષ્ઠા વિશે શંકા કરવી એ તો સત્યનો દ્રોહ કર્યા જેવું જ ગણા શે. એમણે કાળઝાળ મંદીના સમયગાળામાં દેશના અર્થતંત્રને ટકાવી રાખ્યું છે. મોંઘવારી નાથવામાં એમણે ધારી સફળતા નથી મળી તે સાચું, પરંતુ એ માટે એકલા મનમોહન પર દોષનો ટોપલો ટોળવો બરાબર નહીં લેખાય. રાયપુરમાં એમણે ભાજપના ઝુઝારુ નેતા અને વડાપ્રધાનપદના ઉમેદવારનું નામ લીધા વગર જે ચોટદાર મુદ્દાઓ ઊપસાવી પોતે પોતાની ગરિમા છોડીને વિપક્ષ સામે વિપક્ષની ભાષામાં વાત નહીં કરી શકે એવી રજૂઆત કરી તે બિટવીન ધિ લાઈન્સ ઘણું બધું કહી જાય છે. મોટી મેદની અને મોટી મોટી વાતો કરવાથી તાળીઓ તો પડાવી શકાય પરંતુ પ્રજાને મૂર્ખ નહીં બનાવી શકાય એવી શ્રદ્ધા આ નેતાને કેટલી ફળે છે તે તો ચૂંટણીનાં પરિણામો જ કહેશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા

વિશ્વ વિજ્ઞાન દિવસે હેમ રેડિયોનું ડેમોસ્ટ્રેશન યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

સમગ્ર વિશ્વમાં ૧૦ નવેમ્બરને વિશ્વ વિજ્ઞાન દિન તરીકે મનાવવામાં આવે છે ત્યારે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને સેકટર-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો તેમજ વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ચાલુ સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. ત્યારે કુદરતી હોનારતમાં માનવજાતને બચાવવા માટે કોમ્યુનિકેશન ખૂબ જ જરૂરી છે. ધરતીકંપ, સુનામી, વાવાઝોડા, જંગલોમાં આગ જેવી કુદરતી આપત્તિઓમાં ટેલીફોન, મોબપાઈલ, ટી.વી., ઈન્ટરનેટ જેવી કોમ્યુનિકેશન સિસ્ટમ ખોરવાઈ જતી હોય છે ત્યારે આવી પરિસ્થિતિ દરમિયાન હેમ રેડિયો એક ઉપયોગી ટેકનોલોજી સાબિત થઈ શકે છે. તે માટે હેમ રેડિયો (હેલ્પ ઓલ મેનકાઈન્ડ)નું ડેમોસ્ટ્રેશન યોજાયું હતું.

ગાંધીનગર ખાતે ચાલતી ગુજરાત એમેચ્યોર હેમ રેડિયો ઈન્સ્ટિટ્યૂટ સાથે સંકળાયેલા ઘણા બધા હેમ પોતાના ઘરેથી હેમ રેડિયો ઓપરેટ કરે છે. આજે યોજાયેલ ડેમોસ્ટ્રેશનમાં ગાંધીનગરના હેમ પ્રવિણભાઈ વાલેરા, કે. કે. પટેલ, પીન્કેશભાઈ પટેલ અને દિપકભાઈ અરોરાએ પોતાના સ્ટેશન પરથી વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડી હતી તેમજ વિદ્યાર્થીઓએ હેમ રેડિયો વિશેના પ્રશ્નોની આપ-લે કરી સંતોષકારક જવાબ મેળવ્યા હતા તેમજ હેમ રેડિયોનું લાયસન્સ મેળવવા માટેની માહિતી મેળવી હતી.

આ પ્રસંગે નિસર્ગના ટ્રસ્ટી અનિલભાઈ પટેલ, હેમ રેડિયો દ્વારા અનેક તજજ્ઞો સાથે કોન્ટેક કરાવી આપતા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ ઉપરાંત ૩૫ જેટલા રસિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે કમાન સંભાળી હતી.

હરિની દૃષ્ટિ...

ખરીદી કરવા જાઉં છું... દિવાળીનો બધો વધેલો નાસ્તો મોટા ડબામાં ભેગો કર્યો છે તેમાં છાસ નાંખી ભેળ કરી લેજો, અને ડુંગળી નાખશો... નહીં...

નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે આજથી 'સાયન્સ ટેલેન્ટ વર્કશોપ' યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩ દ્વારા વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રૂચિ દાખવે અને તેમનામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તેવા ઉમદા હેતુથી સાયન્સ ટેલેન્ટ વર્કશોપ તા. ૧૧ થી ૧૩ નવેમ્બર સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે રાખેલ છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે દિવાળી વેકેશનમાં બાળકો કિંમતી સમય ટી.વી. જોવામાં, વિડિયોગેમ રમવામાં અને ફિલ્મો જોવામાં ન વેડફી નાંખે તેથી વેકેશન દરમિયાન સેન્ટર દ્વારા સાયન્સ ટેલેન્ટ વર્કશોપ રાખવામાં આવે છે.

વર્કશોપમાં વિદ્યાર્થીઓને રોકેટ બનાવવા, એરોપ્લેન બનાવવા તેમજ ટેલીગ્રામ અને ભોમિતિક મોડેલો શિખવવા વિવિધ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વર્કશોપની વધુ માહિતી માટે તેમજ રજીસ્ટ્રેશન માટે નિસર્ગ સાયન્સ સેન્ટર ફોન નં. ૨૩૨૩૫૨૧૫૫૨ પર સંપર્ક કરવો.

કડી કેમ્પસ ખાતે CWE Po Line લાઈન પરીક્ષા લેવામાં આવી. જેમાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા બાલ સ્વર વિશ્વ ઓડિયો સીડીનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સેક્ટર-૨૦માં આવેલી ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા બાળકોમાં ઊર્મિ, પ્રેરણા અને રાષ્ટ્ર ચેતનાના સૂરમય આવિર્ભાવ માટે ગુજરાતના ખ્યાતિ પ્રાપ્ત સંગીતકારો દ્વારા ભાવસભર ગીતો સ્વરબદ્ધ કરાવેલી ત્રણ ઓડિયો સીડીના લોકાર્પણનો કાર્યક્રમ આજે સવારે ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા દરમ્યાન સે. ૧૦ ખાતે આવેલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભાખંડમાં રાખવામાં આવેલ છે.

આ ત્રણ સીડીમાં પહેલી સીડીમાં ઉર્મીગીત ખંડ-૧ ''મારા આંગળાનો જાદુ'' છે જેમાં બાળકોને કલ્પનાની સૃષ્ટિમાં વિહાર કરાવતા બાળગીતો સામેલ છે. બીજી સીડીમાં રાષ્ટ્ર ચેતના ખંડ-૧ ''એક દેશ સંદેશ એક'' નામથી રાષ્ટ્રચેતનાને ઝંકૃત કરતી શૌર્યભરી સુરાવલીઓથી ભરપૂર છે. તેમજ ત્રીજી સીડી પ્રેરણા ગીત ખંડ-૧ ''અંતરનો એકતાર'' છે જેમાં ભાવ વિશ્વમાં નિમગ્ન કરાવતા ભક્તિગીતોથી આ સીડી તરબતર હશે. પ્રખ્યાત ગાયકો દ્વારા ગવાયેલા ૩૫ ગીતો ગુર્જર રત્નો સુધી પહોંચે અને ગુજરાતના ઘરઘરમાં ગુંજતા થાય એ હેતુથી આ સંસ્થાનો એક નાનકડો પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે.

રાત્રે ૧૫ થી ૫૦ ઉલ્કા વર્ષાના દૃશ્યો જોવા મળશે

ઉલ્કા વર્ષાનો રંગીન નજારો વિશ્વમાં ગુરૂવારથી દેખાશે

અમદાવાદ, તા.૧૦

ગત વર્ષે ઓક્ટોબર માસમાં સમગ્ર વિશ્વના ખગોળરસિકોએ ઓરિયોનીડ્સ ઉલ્કાવર્ષાનો આકાશી નજારો નિહાળ્યો હતો. ત્યારબાદ હવે આગામી ૧૪મી નવેમ્બરથી ૨૦મી નવેમ્બર સુધી બીઓનિડ્સ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો નિહાળવાની તક મળશે.

આ અંગે ભારતજન વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં દર વર્ષે નવેમ્બર માસમાં લીઓનિડ્સ ઉલ્કાવર્ષા જોવા મળે છે. તારીખ ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી દેશ-વિદેશમાં કલાકના ૧૫ થી ૫૦ ઉલ્કાપાતના દૃશ્યો લોકોને માણવા મળશે.

વાતાવરણ સાથ આપે તો આકાશી આતીશબાજીના અત્યંત રોમાંચક દૃશ્યો જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએ જવાથી આ ઉલ્કાવર્ષા સ્પષ્ટ જોવા મળશે. ઉલ્કાવર્ષા આખા વર્ષમાં ૧૦ થી ૧૨ વખત જોવા મળે છે. આ ઉલ્કાવર્ષા માટે ધુમકેતુઓ જવાબદાર હોય છે. ઉલ્કાવર્ષા નિહાળળા માટે મધ્યરાત્રીથી વહેલી સવારનો સમય શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેમાંય ખાસ કરીને વહેલી સવારે મહત્તમ ઉલ્કાવર્ષા જોવા મળે છે.

ઉલ્કાવર્ષા જોવા માંગતા લોકો ૧૦ બાય ૫૦નું મેગ્નિફિકેશન ધરાવતુ દુરબિન ગોઠવી શકે છે.

ઉલ્કા વર્ષા આખા વર્ષમાં ૧૦-૧૨ વખત જોવા મળે છે

ઉલ્કાવર્ષા એટલે શું?

ઉલ્કાવર્ષા માટે ધુમકેતુઓ જવાબદાર છે. સૌરમંડળમાં એવા પણ ધુમકેતુઓ છે જે પોતાના સુર્ય ફરતે ભ્રમણ દરમિયાન પૃથ્વીની ભ્રમણ કક્ષાને કાપે છે. આ ધુમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. તેમાંથી વિસર્જીત થયેલા ધુમકેતુ દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધુમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જ્યારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે. ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આ સમયે તેનો મહત્તમ વેગ સેકન્ડે ૩૦ કિલોમીટરના હોય છે. વાતાવરણમાં રહેલા વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા અગ્નિ સ્વરૂપે આકાશમાં જોવા મળે છે. જેને ઉલ્કાવર્ષા કહેવામાં આવે છે.

વાસ્તવમાં કાયદાનું વ્યવહારમાં અમલીકરણ અને એ આખી ઘટમાળમાંથી પસાર થવા સંદર્ભે અખૂટ આત્મવિશ્વાસ અને મકક્મ મનોબળ જરૂરી છે

મહિલા સમાજ અને કાયદો - અંક-૧૭
ડો. ભાવના કે. જોશીપુરા

ડોમેસ્ટિક વાયોલેન્સ એકટની ચર્ચા કરી રહ્યા હતા.

આ કાયદાથી ખરેખર સ્ત્રીઓને ચાર દિવાલ વચ્ચે થતી હિંસા સંદર્ભે રક્ષણ મળી શકે છે કે કેમ? આ કાયદાથી ઘરની ચાર દિવાલ વચ્ચે એક સ્ત્રીને અનુભવવો પડતો ત્રાસ અને વેદના એ ઘટી શકયા ખરા? રચનાના કેસની વાત સમજીએ, તો....રચના ખૂબ જ સાધન-સંપન્ન પરિવારની દિકરી છે, પિતા સાધન-સંપન્ન અને તેથી રચનાના લગ્ન પણ કારખાનેદાર અને શહેરમાં પ્રતિષ્ઠિત પરિવારના દિકરા અજય સાથે થયા. અજય અને રચનાનું શરૂઆતમાં લગ્નજીવન સારી રીતે ચાલ્યું. દિવસો જતાં એક દિકરી અને દિકરો પણ થયા. દિકરી રીના અને દિકરો પૂજન મોટા થતાં ગયાં. ઈશ્વર કૃપાએ કારખાનું પણ સારું ચાલતું અને તેથી અજયે નવો બંગલો બાંધવાનો વિચાર કર્યો. બંગલો તૈયાર થતો હતો ત્યારે અજય ટીફીન લઈને ઘરેથી જતો. સવારે ઘરેથી નિકળી બંગલા પર થઈને કારખાને જતો. બંગલામાં રાચ-રચીલાં માટે ડોકટર મિત્રની સલાહ લેવામાં આવતા અજયની આ ડોકટરને ત્યાં અવરજવર વધતી ગઈ. ડોકટરને ત્યાં કામ કરતી દિકરી સાથે અજયની મિત્રતા વધતી ગઈ. એવું પણ બનતું કે રચના ઘરેથી ટીફીન બનાવી આપે અને અજય, ડોકટર તથા ટીફીન સાથે જમતાં. અજય તો રોજ ઘરે આવીને ટીફીનના વખાણ કરે અને રચના ખૂબ રાજી થાય. અજય ડોકટર સાથે જમે તેની વાત કરે અને રચના રોજ નવી નવી રસોઈ બનાવી આપે.

બંગલો બંધાઈ ગયો. અજય રચના સંતાનો સાથે નવા બંગલે રહેવા ગયા. અજય હવે કારખાને જાય ત્યારે પણ ટીફીન લઈ જવાનું કહે. રચનાને એમ કે કામ વધારે રહેતું હશે તેથી અજય કહે તેમ કરી આપે. દિવસો જતાં અજય રાત્રે પણ મોડો ઘરે આવે. કારખાનાના કામ અંગે બહારગામ જવાનું પણ વધારે થવા લાગ્યું. રચના બાળકોના કામમાં અને નવા બંગલાની ગોઠવણમાં વ્યસ્ત રહેતી. અજય બહારગામ વધારેને વધારે રહેવા લાગ્યો.

એક દિવસ રચનાની મિત્રએ રચનાને ફોન કર્યો અને પૂછ્યું કે રચના ક્યાં છે? રચનાએ કહ્યું કે, તેણી ઘરે જ છે. રચનાની મિત્રે કહ્યું કે અજય કોઈ છોકરી સાથે શ્રીનાથજીમાં તેઓની હોટલમાં જ બાજુની રૂમમાં છે. અજય રચનાની આ શાળામિત્રને ઓળખતો ન હતો. રચનાને પેટમાં ફાળ પડી પણ કરી શું શકે? જેમ, તેમ બે દિવસ પસાર કર્યા. અજય પાછો આવ્યો. ધંધાના કામે બહાર ગયેલ તેમ જણાવ્યું. રચના અને અજય વચ્ચે બોલાચાલી થઈ. રચનાએ બધી બાબત અજયના મમ્મીને જણાવી અજયના મમ્મી અને રચનાએ તપાસ કરતાં ખબર પડી કે શીલા તો રોજ કારખાને અજય સાથે જ બેસે છે. રચનાને એ પણ ખબર પડી કે રચના એ દરરોજ બનાવેલ ટીફીન અજય અને શીલા સાથે જમતાં હતાં. જ્યારે રચના મને મળી ત્યારે તેણીના શબ્દો આજે પણ મગજમાં ઘુમરાય છે, 'બેન, મારું બનાવેલું ટીફીન એ બંને સાથે જમતાં.' 'કોઈપણ સ્ત્રી એ પત્ની સ્વરૂપે જ્યારે પતિ દ્વારા છેતરાય ત્યારે એ ઘા સહન કરવો કઠિન હોય છે.'

દિવસો જતા રચનાને અજયના ખિસ્સામાંથી શીલા અને અજયનો ફોટો મળે છે આ ફોટામાં બંનેને વેશ પરિધાન વર-કન્યા જેવું છે. રચનાના મગજ પર બીજો ઘા પડે છે. રચનાની આંખો રોઈ રોઈને સૂઝી જાય છે. અજય ઘરખર્ચના પૈસામાં કાપ મૂકે છે. અજય રચનાને ક્યાંય બહાર લઈ જતો નથી. ફરવા જવાની તો વાત જ ક્યાં રહે? રચનાને બંગલાની ચાર દિવાલ વચ્ચે ત્રાસ ન કહી શકાય અને ન સહી શકાય તેમ વધતો ગયો.

રચનાએ તેના માતા-પિતા અને ભાઈને વાત કરી, બધાનો એક જ મત હતો કે, છોકરી મોટી થઈ છે અને કેસ કે કોઈ બાબત બને તો કુટુંબ બદનામ થઈ જાય. રચના એક દિવસ કુટુંબ સલાહ કેન્દ્ર ઉપર પહોંચે છે અને ઘરમાં જ રહીને કુટુંબ બદનામ ન થાય, બાળકોનું ભવિષ્ય પણ ન બગડે તે રીતે કાયદાનો કઈ રીતે આશરો મળે તેની સલાહ લે છે. કુટુંબ સલાહ કેન્દ્ર ઉપર અજય આવીને માફામાફી કરે છે. શીલાની સાથે ભવિષ્યમાં સંબંધ નહિ રાખે તેવું લખાણ આપે છે. પરંતુ એક દિવસ...

શીલા મોટર લઈને રચનાના બંગલે પહોંચે છે, રચનાને કહે છે કે તેણી પણ અજયની પત્ની છે અને તેણી બંગલામાં જ રહેશે અને બધી જ મિલકતમાં ત્રીજો ભાગ માંગશે. રચનાને ડી.વી.એકટની માહિતી છે. તેણી બંગલાના બારણાં બંધ કરે છે અને અજયને જણાવે છે કે શીલા સાથે જવું હોય ત્યાં જાય. બંગલામાં રચના અને બાળકો જ રહેશે. રચના પોતે મક્કમતાથી બંગલામાં રહેવાનો નિર્ણય લે છે. રચના વિચારે છે કે કાયદાથી જો ઘરમાં રહેવાનો અધિકાર પ્રાપ્ત હોય અને ઘરે રહીને રક્ષણ પણ મેળવવાનો અધિકાર હોઈ તો શા માટે રક્ષણ અધિકારીનો સંપર્ક ન કરવો?

રચના સાસુ-જેઠ બધાને આ બાબત જણાવે છે પરંતુ તમામ લોકો કહે છે કે, અજય તેઓનું માનતો નથી. રચના મન મજબૂત કરીને નિર્ણય લે છે. અજય ભલે શીલા સાથે ફરતો અજયને ઘરમાં નહીં આવવા દે. અજયની ફેકટરીમાં રચના ભાગીદાર છે રચના નક્કી કરે છે કે અજયને એક પણ ચેકમાં સહી ન કરી આપવી.

રચનાને ઘરમાં રહેવું છે, અજયને શીલા સાથે ઘરમાં આવવા દેવો નથી. અજય હેરાન કરે તે સંદર્ભમાં રક્ષણ મેળવવું જરૂરી છે. આ વાત લખાય છે ત્યારે બધુ સરળ લાગે છે પરંતુ મુશ્કેલીમાં મુકાયેલી સ્ત્રીએ આ બાબત અમલમાં મુકવી ઘણી અઘરી છે. એક સ્ત્રીએ એક પુરુષ સામે લડવાનું છે. બધા જ કાયદાઓ સ્ત્રી તરફી છે તેવું બધા લોકો કહે છે પરંતુ, વાસ્તવમાં કાયદાનું વ્યવહારમાં અમલીકરણ અને એ આખી ઘટમાળમાંથી પસાર થવા સંદર્ભે અખૂટ આત્મવિશ્વાસ અને મકક્મ મનોબળ જરૂરી છે.

સ્ત્રીઓને ચાર દિવાલ વચ્ચે થતી હિંસા સંદર્ભે રચના ચાર દિવાલ વચ્ચે રક્ષમ મેળવે છે? રક્ષણ અધિકારે મદદરૂપ થાય છે? અદાલત રક્ષણ સંદર્ભે હુકમ કરે છે? અજય પર આ બધી બાબતની શું અસર થાય છે?...